# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-02-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Ration Card  E KYC

રેશન કાર્ડના લાભાર્થીઓનાં ઇ-કેવાયસીની પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરવા માટે અમદાવાદ શહેરની પોસ્ટ ઓફિસ દ્વારા ઇ-કેવાયસી સેવા શરૂ કરવામાં આવી છે. કામગીરીને સુલભ બનાવવા માટે ડિલિવરી પોસ્ટ ઓફિસ દ્વારા અમદાવાદ શહેરના અલગ અલગ વિસ્તારોમાં તેમજ અન્ન ભંડાર અને સસ્તા અનાજની દુકાનો પાસે કેમ્પનું આયોજન કરીને રેશનકાર્ડ લાભાર્થીઓને e-KYC ની પ્રક્રિયા સેવા વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. આ સુવિધાથી અમદાવાદ શહેરના આશરે ૧૩ લાખ લાભાર્થીઓને લાભ મળશે.

ટપાલી દ્વારા  પણ કોઈ પણ ચાર્જ લીધા વગર કાર્ડધારકોને તેમના ઘરેથી પણ સુવિધા પૂરી પાડવામાં આવશે. રેશનકાર્ડ   લાભાર્થીઓ તેમના આધારકાર્ડ, રેશનકાર્ડ તેમજ આધારકાર્ડથી લિન્ક મોબાઇલ સાથે તેમની નજીકની ડિલિવરી પોસ્ટ ઓફિસની મુલાકાત લઈ, ત્યાં પોસ્ટમેન મારફતે પણ e-KYCની પ્રક્રિયા કરાવી શકશે.

# Rajkot- kuvarji bavliya

જળ સંપતિ અને પાણી પુરવઠા વિભાગના મંત્રી કુંવરજી બાવળીયાએ રાજકોટ જિલ્લાનાં  વિંછીયા તાલુકાના કોટડા ગામ ખાતે બે કરોડ 75 લાખ ૧૮ હજારના ખર્ચે તૈયાર થનાર વિશ્રામ ગૃહનું ભૂમિ પૂજન કર્યું હતું.

આ પ્રસંગે શ્રી બાવળીયાએ જણાવ્યું હતું કે , આ વિશ્રામ ગૃહ ધંધુકાથી ગોંડલ સુધીના રાજ્ય ધોરીમાર્ગ  પર બનાવવામાં આવશે. આશરે ૮૫૪   ચોરસ મીટરમાં બનનાર વિશ્રામ ગૃહમાં   વી.આઈ.પી. સ્યુટ રૂમ  ,  કોન્ફરન્સ હોલ ,  ડાઇનિંગ હોલ સહિતની પાયાની સુવિધાઓ ઉપલબ્ધ  કરવામાં આવશે.

વધુમાં શ્રી બાવળીયાએ જસદણ અને વિંછીયા તાલુકામાં સિંચાઈ, ખેડૂતો માટે વિવિધ યોજનાઓ ,  આરોગ્ય કેન્દ્ર ,  શૈક્ષણિક સંસ્થાઓ ,  તળાવો ઊંડા કરવાની કામગીરી,   ડેમના કામો ,  રસ્તાઓના કામો ,  મગફળી ખરીદી સેન્ટર  ,  સૌની યોજનાની કામગીરી તેમજ નજીકના ભવિષ્યમાં થનાર વિવિધ વિકાસના કામો અંગે વિગતવાર માહિતી આપી હતી.

# ARAVALI KHEDUT

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના એક ખેડૂતે ખેતીમાં સફળતા મેળવી છે. તેમણે સાત વીઘા જમીનમાં નવા પ્રકારના ડોલર ચણાનું વાવેતર કરીને સફળતાપૂર્વક ઉત્પાદન મેળવ્યું છે. ભવ્ય ચૌધરી નામના આ ખેડૂત અન્ય યુવા ખેડૂતો માટે પ્રેરણારૂપ બન્યા છે. આ અંગે તેમણે વધુમાં આ મુજબ જણાવ્યું.

**(બાઇટ: ભવ્ય ચૌધરી, ખેડૂત)**

# INDUCHCHA TRIBUTE

આજે જાણીતા સ્વાતંત્ર્ય સેનાની ઇન્દુલાલ યાજ્ઞિકને તેમની 133મી જન્મજયંતી નિમિત્તે શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. ગુજરાત વિધાનસભા પોડિયમમાં આવેલા ઇન્દુચાચાનાં તૈલચિત્રને વિધાનસભાના ઇન્ચાર્જ સચિવ ચેતન પંડ્યાએ પુષ્પાંજલિ અર્પી હતી.

ઉલ્લેખનીય છે કે,'ઇન્દુચાચા'એ મહાગુજરાત આંદોલનમાં સક્રિય ભૂમિકા ભજવીને સ્વતંત્રતાની ચળવળમાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

# Div Fishermen

પાકિસ્તાનની જેલમાંથી 22 ભારતીય માછીમારોને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા છે , જેમાંથી દીવના ત્રણ માછીમારોનો સમાવેશ થાય છે. આ ત્રણેય માછીમારો દીવના વણાકબારાનાં છે. આ માછીમારો આજે સ્વદેશ પરત ફરે તેવી શક્યા છે. આ સમાચાર સાંભળીને માછીમારોનાં પરિવારમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SEA FOOD FESTIVAL

ઓલપાડના દાંડી બીચ ખાતે ત્રી દિવસીય દાંડી સી ફુડ ફેસ્ટિવલ 2025નો વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલના હસ્તે ગઇકાલે પ્રારંભ કરવામાં આવ્યો. ૨૩ ફેબ્રુઆરી સુધી ચાલનાર આ ફેસ્ટિવમાં સી-ફૂડના કુલ ૪૫ સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે.

આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું હતું કે, સામાન્ય રીતે દરિયા કિનારાઓ પર વિવિધ પ્રકારના ફેસ્ટિવલ યોજાતા હોય છે, પરંતુ સી-ફુડ ફેસ્ટિવલનું આયોજન કરવું એ એક મહત્વપૂર્ણ પગલું છે.

વધુમાં તેમણે કહ્યું કે, દાંડી ગામનો બીચ ટૂંક સમયમાં સંપૂર્ણ રીતે વિકસિત થઈ પ્રવાસન માટે એક મહત્વપૂર્ણ સ્થળ બનશે , જેનાથી ગામના લોકો માટે રોજગારની નવી તકો સર્જાશે. સાગર ખેડૂઓને સ્વરોજગારીની તકો વધારવા માટે પણ સરકાર પ્રયત્નશીલ હોવાનું જણાવ્યું હતું.

# Scrap supply GST VAT

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ દીવના VAT અને GST વિભાગે ભંગારના પુરવઠા સાથે સંકળાયેલા કરદાતાઓ માટે ઈ-વે બિલ લાગુ કરવા માટેનો પરિપત્ર બહાર પાડ્યો છે.

પરિપત્ર મુજબ, જો ભંગારનું મૂલ્ય ૫૦ ,૦૦૦ રૂપિયાથી વધુ હોય , તો કાયદા મુજબ ભંગારના પુરવઠામાં રોકાયેલા કરદાતાઓએ દરેક શિપમેન્ટની હેરફેર માટે ફરજિયાતપણે ઈ-વે બિલ જનરેટ કરવું જરૂરી છે.

# PATAN SOG - GHEE

પાટણના સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપ-એસઓજીએ છેલ્લાં એક મહિનામાં ઘીમાં ભેળસેળ કરતા વેપારીઓ, ડિગ્રી વગરના ડોક્ટરો, જાહેરનામાનો ભંગ કરતા ઈસમો અને નાસતા ફરતા આરોપીઓને સામે કુલ 52 કેસ નોંધાવ્યા છે.

એસઓજીએ પાટણ-સિધ્ધપુર હાઇવે પરથી લકઝરી બસમાં લઈ જવાતો શંકાસ્પદ ઘીનો જથ્થો ઝડપ્યો છે. પાટણ ઘી બજારના કેટલાક વેપારીઓ ભેળસેળવાળા ઘીનો જથ્થો મુંબઈ મોકલી રહ્યા હતા. આ અંગે પાટણના નાયબ પોલિસ અધિક્ષક કે કે પંડ્યાએ વધુ માહીતી આપીઃ

(BYTE: KK Pandya, Dy. SOP)